# બાળુડાના ગરબા : સંવેદનશીલતાનું હૃદયસ્પર્શી દર્શન



એક સ્કૂલના વિદ્યાર્થીઓ-અધ્યાપકો, બે કૉલેજના વિદ્યાર્થીઓ-અધ્યાપકો, નગરની નામાંકિત હસ્તીઓ, સન્માનનીય સેવાભાવીઓ, સામાન્ય નાગરિકો, કલાકારો, વેપારીઓ, સાહિત્યકારો એટલે સુધી કે ગાંધીનગર મહાનગરપાલિકાનાં નગરસેવકો, મેયર અને ડૅપ્યુટી મેયરે પણ એક જ કામ કર્યું - બાળુડાઓને ગરબા રમવામાં સાથ આપીને એમના ચહેરા પર સ્મિત અને હૈયાંમાં આનંદ આણવાનો પ્રયાસ કર્યો ! લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગરના આખા ગરબા ગ્રાઉન્ડમાં જ્યાં જુઓ ત્યાં આવાં જ દશ્યો જોવા મળતાં હતાં. જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન, સાધના અને જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા અન્ય સ્વૈચ્છિક-શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી માનસિક-શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે 'બાળુડાના ગરબા' કાર્યક્રમ સોમવારે લાયન્સ ક્લબના યજમાનપદે યોજવામાં આવ્યો હતો, જે દરમિયાન આવાં દશ્યો જોવા મળ્યાં હતાં. આવાં દશ્યો જોઈને ગરબા ગ્રાઉન્ડના મધ્યમાં બિરાજમાન જગતજનની મા અંબા મલકમલક મરકાતી હોય એવો ભાસ થયો હતો ! કાર્યક્રમ દરમિયાન કેટલાંક સમાજભાવકો તો એટલા ભાવુક બની ગયા હતા કે એમણે વિશિષ્ટ બાળકોના હાથ ઝાલીને એમને ગરબા રમાડ્યા હતા. આ બધા જ પ્રયાસોનું પરિણામ એક જ આવ્યું હતું : બંને તરફ ચહેરાઓ પર સ્મિત અને બંને તરફ હૈયાઓમાં આનંદની અનુભૂતિ ! હંમેશની જેમ આ વખતે પણ આ કાર્યક્રમ દિલોમાં સંવેદનોનાં પૂર તાણી લાવ્યો હતો.

સતત ૧૪મા વર્ષે આયોજિત આ અનોખા કાર્યક્રમમાં સમર્પણ મૂક-બધિર શાળા, સૅક્ટર-૨૮, માનવસ્મૃતિ શાળા (સરગાસણ), સ્મૃતિવિકાસ શાળા (પ્રાંતિયા), અંધ શાળા, સૅક્ટર-૧૬, સદ્ભાવ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર, સૅ-૧૩, સંવેદન, સૅક્ટર-૬, હેત ફાઉન્ડેશન, સૅક્ટર-૭, અંબા એન્જલ્સ, અડાલજ, સદ્વિચાર પરિવાર, ઉવારસદ, સર્વ શિક્ષા અભિયાન, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત આવરી લેવાયેલાં વિશિષ્ટ વ્યક્તિઓ અને પ્રશિક્ષકોએ ભાગ લીધો હતો. તો હંમેશની જેમ પ્રેરણા વિદ્યાલય, અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ અને શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજનાં વિદ્યાર્થીઓએ બાળુડાઓ સાથે મન મૂકીને ગરબે રમીને એમને આનંદની ઉજવણીનો સુંદર અહેસાસ કરાવ્યો હતો. આ ત્રણેય સંસ્થાઓના ન માત્ર વિદ્યાર્થીઓ, પરંતુ અધ્યાપકોએ પણ આ કાર્યક્રમમાં સક્રિય રીતે સામેલ થઈને સંવેદનશીલતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું. એવી જ રીતે ગાંધીનગરના પ્રૉફેશનલ ફોટોગ્રાફર્સ ગૃપે ફોટોગ્રાફીની સેવાઓ આ કાર્યક્રમ માટે પૂરી પાડી હતી. મીનલ રાજેશ કુચારા, ગાંધીનગર જિલ્લા ઈન્ડિયન રેડક્રૅસ સોસાયટી, શ્રી ચંદ્રગુપ્ત મૌર્ય ઍજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ, કડી સર્વ વિશ્વવિદ્યાલય સર્વ નેતૃત્વ ગૃપ, લાયનેસ ક્લબ, લીઓ ક્લબ, બ્લ્યૂ બબલ્સ ઍક્ટિંગ ક્લાસ, પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્સ, કેઍસવી પત્રકારત્વ વિભાગ અને શ્રી નવજીવન સાર્વજનિક ઍજ્યુકેશન ટ્રસ્ટ, સૅક્ટર-૨ ઉપરાંત નગરના અસંખ્ય નામી-અનામી નાગરિકોનો સહયોગ આ ઉમદા કાર્યક્રમ માટે પ્રાપ્ત થયો હતો.

આ પ્રસંગને ઉજાળવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવીણભાઈ પટેલ, ડૅપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, બ્રહ્માકુમારીઝનાં અગ્રણી કૈલાસદીદી, નગરસેવક કાર્તિક પટેલ, હર્ષાબા ધાંધલ, હિરલ જોષી, જાણીતા બિલ્ડર જગતભાઈ કારાણી, ઍડવોકેટ અશ્વિન ત્રિવેદી, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘનાં પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે, જ્યોતિ મહિલા મંડળનાં પ્રમુખ ચેતના બુચ, નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટરના મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ, શાંતિનિકેતન સ્કૂલના ટ્રસ્ટી બિપીન રાવલ, વિદ્યા ગૃપ ઑફ ઍજ્યુકેશનના ચૅરમૅન પ્રદીપસિંહ વાઘેલા, પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાના અગ્રણી જીલુભા ધાંધલ, જાણીતા સાહિત્યકાર, કૉલમિસ્ટ અને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, ધરુવાડિયું, અમદાવાદના દિનેશ મજીઠિયા, આપણું ફાઉન્ડેશનના સચિન ઠક્કર અને સભ્યો, ગાંધીનગર ચૌધરી સમાજના પ્રમુખ વિષ્ણુ ચૌધરી, નાટ્યકાર હિમાંશુ ભચેચ, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનના સંયોજક રાજેન્દ્ર પંડ્યા, ભૂવનેશ્વરી યુવક મંડળના પ્રમુખ સંદીપ જોષી, હૅપ્પી યુથ ક્લબના પ્રમુખ સમીર રામી, કેઍસવી પત્રકારત્વ વિભાગના સંયોજક મિતેષ મોદી, સમાજસેવક જયેન્દ્રભાઈ પરીખ, સમાજસંવેદી પંકજ દેસાઈ, મૌલિક શુક્લ, રાજેશ ત્રિવેદી, દિલીપ પટેલ અને મમતા બુચ ઉપસ્થિત રહ્યાં હતાં. જી ઈ ક્લબના ડિરેક્ટર અને ગ્રો ફાઉન્ડેશનના પ્રમુખ જિજ્ઞેશ રાવલ, સાધનાના પ્રમુખ ગંગારામ પટેલ, લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગરના પ્રમુખ નયન મધુર, મંત્રી શૈલેષભાઈ પટેલ અને પૂર્વ પ્રમુખ નિમેષ રાવલ દ્વારા આ સફળતમ કાર્યક્રમ માટે સૌ સમાજસેવી સંસ્થાઓ, વ્યક્તિઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સ્કૂલ્સનો ગરબા ઉત્સવ



આર.જી. સેકન્ડરી - હાયર સેકન્ડરી સ્કૂલ, આર.સી. સેકન્ડરી - હાયર સેકન્ડરી સ્કૂલ તેમજ એસ. જી. એસ.વી. પ્રાથમિક ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના સયુંક્ત ઉપક્રમે નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી આર.જી. સેકન્ડરી ,હાયર સેકન્ડરી સ્કૂલ, આર.સી. સેકન્ડરી ,હાયર સેકન્ડરી સ્કૂલ તેમજ એસ. જી. એસ.વી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી વિદ્યાર્થીઓ ટ્રેડીશનલ ડ્રેસમાં આવ્યા હતા. સૌપ્રથમ અંબામાતાની આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ ગરબાના તાલે ઝૂમ્યા હતા, સમગ્ર માહોલ ઉત્સાહથી છવાઈ ગયો હતો. સૌએ સાથે મળીને નવરાત્રીની ઉજવણીનો આનંદ માણ્યો હતો.



સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં તા. ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરના રોજ માં આદ્યશક્તિની આરાધનના પર્વ નવરાત્રિની ધમાકેદાર ઉજવણી થઈ હતી. માં જગદંબાની આરતી સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ટ્રેડિશનલ વસ્ત્રોમાં સજ્જ થઈને આવેલા બાળકો અદમ્ય ઉત્સાહથી ગરબે ઘૂમયા હતા. શિક્ષિકાઓએ પણ ટ્રેડિશનલ વસ્ત્રોમાં હાજરી પૂરાવી બાળકોને ગરબામાં સાથ આપ્યો હતો અને તેમને અવનવા સ્ટેપ્સ શીખવાડયા હતા. દરરોજ જે શિક્ષિકા શિક્ષણ આપતા હોય તેમની જ સાથે આજે ગરબે ઘૂમીને બાળકોએ અનોખા રોમાંચની અનુભૂતિ કરી હતી. અંતે બાળકોને પ્રસાદનું વિતરણ કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## ચૌધરી કન્યા વિદ્યાલય દ્વારા સૌરાષ્ટ્ર પ્રવાસ

ગાંધીનગર, તા. ૨૬

શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય દ્વારા તાજેતરમાં સૌરાષ્ટ્ર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૯થી ૧૨ના કુલ ૫૨ વિદ્યાર્થીનીઓ આ પ્રવાસમાં જોડાઇ હતી, જેમની સાથે ૪ શિક્ષકોએ પણ આ પ્રવાસ કર્યો હતો. ચોટીલા, વીરપુર અને ખોડલધામની મુલાકાત આ પ્રવાસ અંતર્ગત વિદ્યાર્થીનીઓએ લીધી હતી.

## યુવક મહોત્સવમાં વિજ્ઞાન કોલેજ ઝળકી

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત યુનિવર્સીટી દ્વારા આયોજીત ઈન્ટરઝોન યુવક મહોત્સવમાં સરકારી વિજ્ઞાન કૉલેજમાં અભ્યાસ કરતાં મેહુલ ગઢવીએ ચારેય ઝોનની વકતૃત્વ સ્પર્ધામાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે.

## જન્મદિને વધામણી




મોક્ષા રાકેશ જાની



હર્ષ પરશોત્તમ સુખવાણી

મો. ૮૧૪૦૯ ૧૭૧૧૭

# મળેલી મદદમાં દિવ્યતાનાં દર્શન કરીએ




ક્યારેક એવું પણ બની શકે કે મુશ્કેલી બહુ મોટી હોય પણ નાની એવી મદદથી વ્યકિત એ મુશ્કેલીમાથી બહાર આવી જતી હોય છે. મળેલી મદદનું મૂલ્ય ભલે સામાન્ય હોય પણ વ્યક્તિ એ મદદ થકી ક્યારેક મોટી મુશ્કેલીમાથી બહાર આવી જાય ત્યારે એ મળેલી મદદનું મહત્વ વધી જાય છે. ક્યારેક મદદ મળ્યા પછી, પોતે પોતાની આપતિમાથી પાર ઉતરી જાય પછી વ્યક્તિ તે એ મદદનું મૂલ્ય ભૂલી જતી હોય છે. ત્યાર પછી ઘણીવાર એવું બને કે સમય જતાં એ મદદનાં આધારે, એ મદદ થકી ક્યારેક વ્યક્તિનું આખું જીવન જ પલટાઈ જાય છે, જીવનમાં નવો વળાંક આવી જાય છે. ક્યારેક એ મદદ થકી વ્યક્તિને નવું જીવન મળ્યું હોય, ક્યારેક એ મદદ થકી વ્યક્તિની કારકિર્દીમાં નવા પરિમાણો ઉમેરાયા હોય, ક્યારેક એ મદદ થકી વ્યક્તિના સંબંધોના નવા પ્રકરણો લખાયા હોય અને એ જ મદદ થકી ક્યારેક વ્યક્તિએ પોતાના જીવનની નવી યાત્રા શરૂ કરીને નવી મંઝીલો હાંસલ કરી હોય. આવું બને છે ત્યારે વ્યક્તિને એ નાની લગતી મદદનું સાચું મૂલ્ય સારી રીતે સમજાય છે.

વ્યક્તિને પોતાના જીવનમાં કોઈ પણ પ્રકારની મદદ મળી હોય, કોઈપણ વ્યક્તિ તરફથી મદદ મળી હોય, મદદ નાની હોય કે મોટી હોય, પણ વહેલા કે મોડા વ્યક્તિના જીવનમાં એ મદદ કોઈપણ પ્રકારના સકારાત્મક પરિવર્તનો અચૂક લાવતી જ હોય છે. વ્યક્તિના જીવનનું એ પરીવર્તન નાની મદદ થકી મોટું પણ હોય શકે અને મોટી મદદ થકી નાનું પણ હોય શકે પણ વ્યકિતના જીવનમાં પરીવર્તન લાવે છે એ નિશ્ચિત છે.


કોઈપણ વ્યક્તિને મદદ કરનાર વ્યક્તિ તો મદદ કરીને ભૂલી જતી હોય છે. મદદ કરવી એ તો ઘણી વ્યક્તિઓના જીવનનો એક સિધ્ધાંત બની ગયો હોય છે, જીવનમૂલ્ય બની ગયું હોય છે, તો ઘણી વ્યક્તિઓનો તો મદદ આપવી એક સ્વભાવ થઈ ગયો હોય છે તેથી તેઓ અન્ય લોકોને મદદ કરીને યાદ પણ નથી રાખતા. જે વ્યક્તિને મદદ મળે છે એ વ્યક્તિ પણ જો મળેલી મદદનું મૂલ્ય ના સમજે તો મદદનાં વ્યવહારો અર્થહીન બની જાય છે. મદદ આપનાર અને મદદ લેનારના આ પ્રકારના વ્યવહાર થકી જ બંનેના સંબંધો બંધાય છે, બંને એકબીજાની નજીક આવે છે અને બંનેને ગાઢ સંબંધો સુધી લઈ જાય છે. આમ મદદ એ બે વ્યકિત વચ્ચેના સંબંધોનો સેતુ બની શકે છે.

વ્યકિતને પોતાના જીવનમાં જ્યારે જ્યારે મદદ મળે ત્યારે એ મળેલી મદદનું મૂલ્ય સમજી, એ મદદ કરનાર વ્યક્તિનું પણ મૂલ્ય સમજી, જે સમયે મદદ મળી છે એ સમયનું મૂલ્ય સમજી, એ મદદ થકી પોતાના જીવનમાં જે સકારાત્મક પરીવર્તન આવ્યું હોય એ પરિવર્તનનું પણ મૂલ્ય સમજીને તેનો યોગ્ય પ્રતિસાદ આપે છે ત્યારે મળેલી મદદનું તો મૂલ્ય વધે જ છે સાથે સાથે મદદ કરનાર વ્યક્તિનું પણ મૂલ્ય વધે છે અને મદદ કરનાર વ્યક્તિ ગૌરવન્વિત બને છે. મદદ આપનાર વ્યક્તિનું ગૌરવ વધે છે ત્યારે સાથે સાથે મદદ લેનાર વ્યક્તિનું પણ ગૌરવ વધે છે.

રામાયણ ની વાત થી આપણે સૌ પરિચિત છીએ. શ્રીરામના વનવાસ દરમિયાન રાવણે સીતાજીનું હરણ કર્યું. શ્રીરામ અને લક્ષ્મણને સીતાજીને રાવણ પાસેથી છોડાવવા અને રાવણનો વધ કરવામાં અનેક વાનરો સાથે શ્રીરામને હનુમાનજીની કોઈપણ પ્રકારની અપેક્ષા વગરની અમુલ્ય મદદ મળી. મદદ કરનાર સૌને શ્રીરામે ગૌરવન્વિત તો કર્યા પણ હનુમાનજીની મદદ ને બહુમૂલ્ય સમજી શ્રીરામે તેઓને હૃદયસ્થ કર્યા.

એવી જ રીતે મહારભારતની એક વાતથી પણ આપણે કોઈ જ અજાણ નથી. મહાભારતના યુધ્ધમાં પાંડવો અને કૌરવો બંનેને કોઈપણ પ્રકારની અપેક્ષા વગર શ્રીકૃષ્ણએ મદદ કરી હતી. કૌરવોને શ્રીકૃષ્ણએ પોતાની આખી યાદવસેના આપીને કૌરવોને યુધ્ધમાં મદદ કરી અને પાંડવોના પક્ષે પોતે નિઃશસ્ત્ર રહેશે એવું કહીને મદદ કરી. પાંડવોએ શ્રીકૃષ્ણએ આપેલી મદદને પાંડવો સાચા અર્થમાં સ્વીકારી, તેનું સાચું મૂલ્ય કર્યુ અને તેને સાચા અર્થમાં સમજી પણ શક્યા હતા અને એ મદદમાં તેઓ દિવ્યતાના દર્શન કરી શક્યા જેનું પરિણામ પણ તેઓને સકારાત્મક મળ્યું.

સાચા દિલથી મદદ કરનાર વ્યક્તિ મોટેભાગે કોઈ જ પ્રકારની અપેક્ષા નથી રાખતી. મદદ કરનાર વ્યકિત અપેક્ષા રાખે કે ના રાખે પણ મદદ મેળવનાર વ્યકિત તરફથી મળેલી મદદની યોગ્ય અભિવ્યકિત પણ જરૂરી છે. મળેલી મદદની મહત્તા ત્યારે જ વધે છે જ્યારે મદદ લેનાર વ્યક્તિ એ મદદની મહતા અને મૂલ્ય સમજે છે અને તેને યોગ્ય રીતે અભિવ્યક્ત કરે છે. મળેલી મદદ થકી વ્યકિતના જીવનમાં જો સકારત્મક પરીવર્તન આવ્યું હોય અને મળેલી મદદ ખરેખર મદદરૂપ થઈ હોય તો એ મદદ દિવ્ય જ કહી શકાય. વ્યકિત જો અચાનક, અપેક્ષા વિના મળેલી મદદમાં દિવ્યતાના દર્શન કરી શકે તો મદદ આપનાર વ્યક્તિમાં પણ તેને દિવ્યતાના દર્શન થશે.






(૧) તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમે કયા દેશને હરાવીને વન ડે સિરીઝ જીતી હતી ?
(એ) ઓસ્ટ્રેલિયા
(બી) ઈંગ્લેન્ડ
(સી) પાકિસ્તાન
(ડી) શ્રીલંકા

(૨) ૨૦૧૭માં કઈ ભારતીય શૂટરે બેલ્જિયમ જૂનિયર ઓપન બેડમિંટનનો ખિતાબ જિત્યો હતો ?
(એ) શ્રેયા કોલ (બી) વૈષ્ણવી રેડ્ડી
(સી) સુમિત્રા કૃષ્ણન (ડી) દિપીકા પલ્લીકલ

(૩) ૨૦૦૧૭માં ૨૪ સપ્ટેમ્બરના રોજ કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ તરીકે કોણે શપથ ગ્રહણ કર્યા છે ?
(એ) રવીશ કુમાર (બી) સૈયદ અકબરૂદ્દીન
(સી) રાજીવ મહર્ષિ (ડી) એસ જયશંકર

(૪) ૨૦૧૭માં પ્રસિદ્ધ પુસ્તક ફોલ આઉટ અ યર ઓફપોલિટીકલના લેખક કોણ છે ?
(એ) શશી થરૂર (બી) વિલિયમ જેમ્સ
(સી) શેહીલ પેન્થર (ડી) ટિમ શિપમૈન

(૫) પ્રધાનમંત્રી દ્વારા દેશભરમાં ૨૪ કલાક વીજળી પૂરી પાડવા માટે કઈ યોજનાનો પ્રારંભ કરાવાયો છે ?
(એ) પાવર ફોર ઓલ (બી) હર ઘર બીજલી, હર ઘર ખુશાલી
(સી) સૂરજ જૈસે ચમકતે ઘર (ડી) ઘર રોશન દેશ રોશન

(૬) ૨૦૧૭માં એન્જેલો મર્કેલ કયા દેશના ચાન્સેલર પદે સતત ચોથી વખત ચૂંટાઈ આવ્યા છે ?
(એ) ઈટલી (બી) જર્મની
(સી) આયરલેન્ડ (ડી) સ્કોટલેન્ડ

(૭) ૨૦૧૭માં નવરચિત આર્થિક સલાહકાર પરિષદના અધ્યક્ષ કોણ છે ?
(એ) અરવિંદ પનગઢિયા (બી) અરવિંદ સુબ્રમણ્યમ
(સી) ડૉ. બિબેક દેબરોય (ડી) પ્રૉ. રમેશચંદ્ર

(૮) દેશમાં બાળમજૂરીને રોકવા તથા બાળકો માટે શિક્ષણના નવા આયામો ઊભા કરવા કયું પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે ?
(એ) પઢો ભારત પોર્ટલ (બી) શિક્ષા પોર્ટલ
(સી) પેન પોર્ટલ (ડી) પેન્સિલ પોર્ટલ

(૯) પેન્સિલ પોર્ટલનો પ્રારંભ કયા કેન્દ્રીય મંત્રીએ કરાવ્યો હતો ?
(એ) રાજનાથસિંહ (બી) પ્રકાશ જાવડેકર
(સી) રાજ્યવર્ધનસિંહ રાઠોર (ડી) સ્મૃતિ ઈરાની

(૧૦) અમેરિકાના કયા રક્ષામંત્રી ભારતની રાજકીય મુલાકાતે આવ્યા છે?
(એ) જેમ્સ રોબર્ટ (બી) જેમ્સ મૌટિસ
(સી) જેમ્સ ઓલવીન (ડી) જેમ્સ સ્મિથ